# દત્તપ્રણતિ

યસ્મિન્નોતં પ્રોતમશેષં જગદેતદ્
યજ્જં યત્સ્થં ચાન્તે યસ્મિંલ્લયમેતિ ।
વાચાગમ્યં વેદનરૂપં ત્રિગુણેશં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧॥

જેનામાં આ જગત સંપૂર્ણપણે (નિઃશેષ રીતે) ઓતપ્રોત થયેલું છે, જેનામાંથી જન્મેલું છે, જેનામાં સ્થિત છે અને અંતે જેનામાં લય પામે છે, વાણીથી જે અગમ્ય છે, જે જ્ઞાન સ્વરૂપ છે, જે ત્રણ ગુણોના (સત્વ, રજસ્ અને તમસ્) ઈશ છે, તે હૃદયમાં વસનારા ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૧.

પ્રાદુર્ભૂતં હ્યત્રિતપઃ કિં જગદર્થે
કિં હ્યનસૂયાપાતિવ્રત્યં ફલિતં તત્ ।
મૂર્તામૂર્તાતીતં જાતં હ્યજમેનં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૨॥

શું જગતના કલ્યાણ માટે અત્રિઋષિનું તપ જ પ્રગટ થયું છે? શું તે અનસૂયામાતાનું પાતિવ્રત્ય ફળીભૂત થયું છે? જે સાકાર-નિરાકારથી વિલક્ષણ છે, જે અજન્મા હોવા છતાં જન્મેલા છે, તે હૃદયમાં વસનારા ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૨.

અગ્નિર્યદ્ દત્તં તૃણમેકં ન શશાક
દગ્ધું વાયુર્હ્યુત્થાપયિતું સ્વબલેન ।
જ્ઞાતું ચેન્દ્ર-વિરોચન-પ્રમુખાઃ પ્રજ્ઞાનં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૩॥

જેણે આપેલા એક તણખલાને પોતાના બળ વડે બાળવા અગ્નિ સમર્થ ન થયો, વાયુ પણ (તે તણખલાને) ઉડાડી ન શક્યો, તથા ઈંદ્ર અને વિરોચન વગેરે (દેવો, દાનવો) પણ જે પ્રજ્ઞાન સ્વરૂપનું જ્ઞાન મેળવવા સમર્થ ન થયા, તે હૃદયમાં વસનારા ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૩.

એકોઽહં સ્યાં બહ્વિતિ ભૂતોઽનેકો યો
ભક્તાધીનો ભાવનરૂપો ગુરુરાદ્યઃ ।
યન્નિઃશ્વસિતં શાસ્ત્રમખણ્ડં નિગમાદિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૪॥

જે "હું એક છું અનેક થાઉં" આવો સંકલ્પ કરીને અનેકરૂપે (પ્રગટ) થયા છે, જે ભક્તને આધીન છે, ભાવસ્વરૂપ છે અને જે આદિગુરુ છે, વેદ વગેરે સંપૂર્ણ શાસ્ત્રો જેના નિઃશ્વાસરૂપ છે, તે હૃદયમાં વસનારા ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૪.

કાન્તં કારુણ્યાબ્ધિમકામં કમનીયં
દાન્તં દેવેડ્યં દમ્ભારિં દકદાભમ્ ।
શાન્તં સર્વેશં શમરૂપં શફરાક્ષં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૫॥

સુંદર , કરુણાના સાગર, કામનારહિત, ઈચ્છવા યોગ્ય, દમનશીલ (ઈંદ્રિયો ઉપર કાબૂ ધરાવનાર), દેવો વડે સ્તુતિ કરાયેલા, દંભના શત્રુ (દંભને હણનાર), મેઘ જેવા વર્ણવાળા, શાંત, સર્વના નિયંતા (ઈશ), મનને વશ કરવાની ક્રિયારૂપ, માછલી જેવી આંખોવાળા, તે હૃદયમાં વસનારા ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૫.

અગ્નિશ્ચૈકો યત્પ્રતિકાષ્ઠે વિવિધઃ સ્યાદ્
યદ્વચ્ચામ્ભઃ પાત્રવિભેદે બહુરૂપમ્ ।
તદ્વત્ તત્ તદ્ રૂપમરૂપં વિભુમેકં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૬॥

જેમ અગ્નિ એક હોવા છતાં પ્રત્યેક લાકડામાં વિવિધરૂપે રહેલો છે, અને વળી, જેવી રીતે જુદા જુદા પાત્રમાં (વાસણમાં) પાણી, જુદા જુદા આકારવાળું દેખાય છે તેવી જ રીતે જે જે રૂપો જણાય છે તે તે રૂપે અર્થાત્ સર્વરૂપે એક, રૂપરહિત સર્વવ્યાપક રહેલા છે, તે હૃદયમાં વસનારા ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૬.

યદ્ભાસા રવિચન્દ્રમસૌ તૌ ભાસ્વન્તૌ
યં ભાસયિતું નો શક્તૌ તૌ સ્વબલેન ।
યં ભાન્તં હ્યનુભાતિ સમસ્તં તડિદાદિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૭॥

જેના પ્રકાશથી, તે બે- સૂર્ય અને ચંદ્ર પ્રકાશમાન છે અને પાતાના બળથી જેને પ્રકાશિત કરવા માટે તે બંને શક્તિમાન નથી, જેના પ્રકાશમાન થવાથી જ વીજળી વગેરે બધું પ્રકાશિત દેખાય છે, તે હૃદયમાં વસનારા ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૭.

યત્સત્તાકં પ્રાણિતિ સર્વં પ્રાણાદિ
શ્રોત્રં શબ્દં વૃણુતે મનુતે મન-આદિ ।
એકં નાના યં કવયન્તિ જ્ઞવિશેષા
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૮॥

જેની સત્તા (અસ્તિત્વ) વડે કરીને પ્રાણ વગેરે સર્વ પ્રાણ ધારણ કરે છે (શ્વાસ લઈ રહ્યા છે), કાન શબ્દને સાંભળે છે, મન વગેરે વિચાર કરી શકે છે, તથા (જે એક હોવા છતાં તેના વિષે) વિશિષ્ટ જ્ઞાનીઓ એક એવા એનું વિવિધ રૂપે કવન કરે છે, તે હૃદયમાં વસનારા ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૮.

દૂરે ચાન્તિક એષ સુગુપ્તઃ સર્વાન્ત-
ર્નિત્યઃ શુદ્ધઃ સાક્ષ્યગુણોપીડ્ ગુણમેતિ ।
ભક્તેચ્છાપરિપૂર્ત્યર્થમજો હ્યવિનાશી
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૯॥

આ દૂર છે અને નજીક પણ છે, આમ અત્યંત ગુપ્ત રીતે રહેલા, સર્વના અંતર્યામી, નિત્ય, શુદ્ધ, સાક્ષી સ્વરૂપ, જે અજન્મા અવિનાશી (જન્મ-મરણ રહિત) નિર્ગુણ (ગુણરહિત) હોવા છતાં ઈશ્વર, ભક્તોની ઈચ્છા પરિપૂર્ણ કરવા સગુણ થાય છે, તેવા અંતઃકરણમાં વસનારા ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૯.

દૃષ્ટ્વા લોકાઞ્શોકનિમગ્નાન્ કરુણાપ્તો
બદ્ધ્વા સેતું જ્ઞાનમયં યશ્ચિરજીવી ।
નિન્યે નન્દં નતસન્નાર્તાન્ દિગ્વસ્ત્રો
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧૦॥

લોકોને શોકમાં ડૂબેલા જોઈને જે કરુણાથી વ્યાપ્ત થયા અને જે ચિરંજીવી દિગંબરે (દિશા જેનું વસ્ત્ર છે અથવા જે દિશાનું વસ્ત્ર છે તે દિગંબરે) જ્ઞાનરૂપી પૂલ બાંધીને, શરણાગતિયુકત ભક્તો, સત્પુરુષો અને આર્તજનોને (દુઃખીઓને) આનંદ આપ્યો તે હૃદયમાં સ્થિત ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૧૦.

નિસ્ત્રૈગુણ્યઃ સંસૃતિભંગો નિઃસંગો
બાલોન્મત્ત - પિશાચસુવેષો બહુરંગઃ ।
લીલારૂપમરૂપો ધૃત્વા બહુ રેમે
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧૧॥

ત્રણે ગુણોથી પર (રહિત), સંસારનો (ભંગ) નાશ કરનાર (અજ્ઞાનનાશક), સંગ વગરના (અસંગ) બાળક સમાન અને ઉન્મત્ત દશાવાળા અને પિશાચના સુંદર સોહામણા વેષને (લીલા માટે) ધારણ કરનાર, બહુરંગી, અરૂપી હોવા છતાં અનેક રૂપો ધારણ કરીને અનેક પ્રકારે રમમાણ થનાર (લીલા કરનાર), તે હૃદયમાં બિરાજમાન ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૧૧.

વાસોહીનો વાસયતીદં સકલં યો
હ્યન્તર્બાહ્યં વ્યાપ્યૈકપદે હ્યવશિષ્ટઃ ।
આત્મારામો વનવિશ્રામો વરવર્ણી
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧૨॥

જે વસ્ત્રહીન (દિશા જેનું અંબર છે અથવા જે દિશાનું વસ્ત્ર/અંબર છે તે દિગંબર) હોવા છતાં, સકલ જગતને આચ્છાદિત કરે છે, જે અંદર અને બહાર સર્વત્ર વ્યાપીને (એક પગથી) એકરૂપે જ અવશિષ્ટ (બાકી) રહ્યા છે, તે આત્મારામ, વનમાં વિશ્રામ કરનાર શ્રેષ્ઠ બ્રહ્મચારી (અતિ વર્ણાશ્રમી હોવાથી શ્રેષ્ઠ વર્ણવાળા), તે હૃદયમાં વસનારા ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૧૨.

વર્ણાવર્ણાતીત - સુવર્ણસ્ત્વવતિ - વર્ણો
ધર્માધર્માતીત - સુધર્મસ્ત્વવતિ - ધર્મા ।
કર્માકર્માતીત - સુકર્મા યઃ કર્તા
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧૩॥

વર્ણ અને અવર્ણથી પર (અતીત) એવા સુંદર વર્ણવાળા હોવા છતાં જે વર્ણથી પર છે, ધર્મ અને અધર્મથી પર એવા શ્રેષ્ઠ ધર્મવાળા હોવા છતાં જે ધર્મથી પર છે અને કર્મ અને અકર્મથી પર એવા સત્કર્મોવાળા જે કર્તા છે; તે હૃદયમાં વસનાર ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૧૩.

ત્યાગી ભોગી જટિલો મુંડી યો ભિક્ષુઃ
શિક્ષાર્થં કુરુતે મિતભૈક્ષ્યં મધ્યાહ્ને ।
યં હ્યવધૂતં નો જાનીતે હતભાગ્યો
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧૪॥

કદી ત્યાગી અવસ્થામાં હોય કે કદી ભોગી; કદી જટાધારી હોય કે કદી મુંડનવાળો ભિક્ષુક (સંન્યાસી) હોય અને (લોકોને) બોધ દેવા માટે મધ્યાહ્નકાળે જે મિતાહાર કરે છે એવા અવધૂત (દત્તાત્રેય)ને હતભાગી (કમનસીબ, ફૂટેલા નસીબવાળા) જાણતા નથી; તે હૃદયમાં વસનારા ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૧૪.

હંસં તમસઃ પારં સારં નૃભવસ્ય
કાલં કાલાતીતમતીતં વિભવસ્ય ।
ગો-કુક્કુરસમ-દૃષ્ટિં દૃષ્ટિં દૃષ્ટેર્હિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧૫॥

હંસસ્વરૂપ, તમસ્ (અજ્ઞાન)ને પેલે પાર વસેલા, મનુષ્ય જન્મના સારરૂપ, કાળસ્વરૂપ ને કાળથી પર (કાળાતીત), ભિન્ન ભિન્ન જન્મોથી પર તથા ગાય અને કૂતરાં તરફ સમદૃષ્ટિવાળા અને દૃષ્ટિની પણ દૃષ્ટિ; એવા હૃદયમાં વસનાર ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૧૫.

અન્તર્યામી યો બહિરાસ્તે ગુરુરૂપો
વિષ્ણુબ્રહ્મસદાશિવરૂપો બહુરૂપઃ ।
દાનાદિત્રિતયં યચ્છિક્ષા ત્વકહન્ત્રી
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧૬॥

અંદર રહીને નિયમન કરનાર છતાં જે બહાર ગુરુસ્વરૂપે રહેલા છે, બ્રહ્મા, વિષ્ણુ અને સદાશિવ સ્વરૂપ જે બહુરૂપી છે અને દાન વગેરે (દયા અને દમન) ત્રણે પ્રકારનો જેનો બોધ પાપને (દુઃખને) હણનારો છે; એવા હૃદયમાં બિરાજમાન ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૧૬.

યં જ્ઞાત્વાઽન્યદ્ જ્ઞાતવ્યં નો ભુવિ કિંચિદ્
યં દષ્ટ્વાઽન્યદ્ દષ્ટવ્યં નો યદ્દ્વજર્યમ્ ।
દશ્યાતીતં દશ્યવિહીનં દગ્રૂપં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧૭॥

જેને જાણ્યા પછી આ જગતમાં બીજું કાંઇ પણ જાણવા જેવું બાકી રહેતું નથી, જેને જોયા પછી એના સિવાય (આ જગતમાં) બીજું કાંઈ જેવા જેવું રહેતું નથી એવા દશ્યથી પર, દશ્યવિહીન (દશ્ય વગરના), દષ્ટિસ્વરૂપ, હૃદયમાં બિરાજમાન તે ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૧૭.

શુદ્ધં બુદ્ધમનન્તં નિશ્ચલમનવદ્યં
ગેયં ધ્યેયં જ્ઞેયમજસ્રં સમ્રાજમ્ ।
શબ્દામેયં શબ્દસ્ફોટં સન્માત્રં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧૮॥

શુદ્ધ, બુદ્ધ, અનંત, નિશ્ચલ (સ્થિર), પ્રશંસનીય, હંમેશાં ગાવા (ભજન કરવા) યોગ્ય, હંમેશાં ધ્યાન કરવા યોગ્ય, જાણવા યોગ્ય, નિરંતર સમ્રાટ, શબ્દોથી અમાપ, શબ્દમાં સ્ફોટરૂપે રહેલા, સત્તામાત્ર, સત્સ્વરૂપ, એવા તે હૃદયમાં વસનાર ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૧૮.

ભાવાતીતં ભાવિતભક્તં ભવદાવમ્
વંદ્યં વાદ-વિવર્જિતવેદ્યં વનિ-વર્જ્યમ્ ।
સ્ત્રી-પુંભેદ વિહીનમભેદં સુખરૂપમ્
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૧૯॥

ભાવથી પર, ભક્તોને લાડ લડાવનારા (ભક્તો દ્વારા ભાવના કરાએલા), સંસાર બાળનાર દાવાનળરૂપ, વંદન કરવા યોગ્ય, વાદરહિત ને જાણવા યોગ્ય, ઈચ્છારહિત, (જેની દષ્ટિમાં) સ્ત્રી-પુરુષ વગેરે ભેદ નથી એવા ભેદરહિત, સુખસ્વરૂપ, હૃદયમાં વસનાર ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૧૯.

જાગર સ્વપ્ન સુષુપ્તિવિહીનો યો નિત્યં
ભક્તાર્તિઘ્નો જાગર્તીહ પ્રત્યક્ષમ્ ।
બાહ્યાભ્યન્તરપૂર્ણવરેણ્યો વરકીર્તિ-
ર્દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૨૦॥

જે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ રહિત નિત્યસ્વરૂપ છે, જે હંમેશાં ભક્તોના દુઃખ (હણનાર) દૂર કરનાર છે, જે અહીં પ્રત્યેક ઈંદ્રિયમાં (આ લોકમાં) જાગી રહ્યો છે, બહાર-અંદર પૂર્ણ અને પસંદ કરવા યોગ્ય છે, અને ઉત્તમ (શ્રેષ્ઠ) કીર્તિવાળો છે, તે હૃદયમાં વસનાર ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૨૦.

ત્રીશં તિષ્યે તારકમાદ્યં તત્પદદં
દેહે દેહાતીતમભેદ્યં ભક્તેષ્ટમ્ ।
આદાવન્તે હ્યેકમભંગં વરરંગમ્
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥૨૧॥

ત્રણ દેવમય (ઈશરૂપ), કળિયુગમાં તારણહાર, સર્વના કારણરૂપ, પરમાત્મપદ અને બ્રહ્મપદ, મોક્ષ દેનાર, સર્વ દેહમાં દેહથી ભિન્ન (અતીત) હોવાથી અભેદ્ય છે અને ભક્તોના ઈષ્ટ (વહાલા) છે તથા આદિ અને અંતમાં એક માત્ર અભંગ, એવા શ્રેષ્ઠ રંગરૂપ; હૃદયમાં બિરાજનાર, તે ભગવાન દત્તાત્રેયને હું પ્રણામ કરું છું. ૨૧.

-રંગ અવધૂત